# Official Spokesperson's response to media queries on the change in format of Raisina Dialogue 2021

April 05, 2021

---

# રાયસિના ડાયલોગ 2021ના સ્વરૂપમાં ફેરફાર અંગે મીડિયાના પ્રશ્નો અંગે સત્તાવાર પ્રવક્તાનો જવાબ

એપ્રિલ 05, 2021

રાયસિના ડાયલોગ 2021ના સ્વરૂપમાં ફેરફાર અંગે મીડિયાના પ્રશ્નો અંગે પ્રતિભાવ આપતા સત્તાવાર પ્રવક્તાએ જણાવ્યું:

"રાયસિના ડાયલોગ 2021ના આયોજકોએ આ વર્ષની આવૃત્તિ સંપૂર્ણ ડિજિટલ ઈવેન્ટ તરીકે યોજવાનો નિર્ણય લીધો છે. અગાઉ આ ઈવેન્ટ હાઈબ્રિડ સ્વરૂપમાં યોજવા માટે વિચારવામાં આવ્યું હતું જેમાં વક્તાઓ અને ડેલિગેટ્સ ઓનલાઈન તથા રૂબરુ ભાગ લેવાના હતા.

વિશ્વના કેટલાક ભાગોમાં કોવિડ-19ની સ્થિતિને ધ્યાનમાં રાખીને પૂરતા પ્રમાણમાં સાવચેતી રાખવા માટે સંપૂર્ણ ડિજિટલ વર્ઝન તરફ જવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડાયલોગ સાથે સંકળાયેલા તમામ લોકોની સુરક્ષા માટે આયોજકો જવાબદારી અનુભવે છે તે બાબત પર અહીં ભાર મૂકવામાં આવ્યો છે.

સંપૂર્ણ ડિજિટલ ઈવેન્ટમાં ટેક્નોલોજીનો ભરપૂર ઉપયોગ કરાશે જેથી સહભાગીઓને વૈશ્વિક સમુદાય માટેના સૌથી મહત્ત્વના મુદ્દા પર વાતચીત અને ચર્ચા કરવાની તક મળશે અને કોવિડ-19ને લગતું જોખમ પણ ટાળી શકાશે.

આ સ્વરૂપમાં થયેલા ફેરફારની અસર અમારા રાજદ્વારી જોડાણોમાં પ્રતિબિંબિત થશે."

**નવી દિલ્હી**
**એપ્રિલ 05, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.